જન્મભૂમિ

# 'લોનાવાલા ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઇન્ડિયા'નું ઑનલાઈન આયોજન

કોરોના મહામારીને લીધે લોનાવાલા ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ (લિફફી) ૨૦૨૦નું આયોજન ઓનલાઈન કરવામાં આવ્યું છે. ચારથી છ ડિસેમ્બર અને ૧૧-૧૩ ડિસેમ્બર દરમિયાન રોજ સાંજના છ વાગ્યે શરૂ થશે.

આ ઉત્સવમાં ફિલ્મમેકર એન. એન. સિપ્પીને શ્રદ્ધાંજલિ આપવામાં આવશે અને તેમની વો કોન થી, ગુમનામ, દેવતા, સરગમ, ફકીરા, ચોર મચાયે શોર જેવી ફિલ્મો દર્શાવવામાં આવશે. લિફફીના ડિરેકટર માધવ તોડી અને ક્યુરેટર વિવેક વાસવાની છે. તેમાં અનંત મહાદેવન, સંગીતકાર આનંદ મિલિન્દ, પ્રવેશ સિપ્પી, દિવ્યા સોલગામા પેનલિસ્ટ છે. દરરોજ એક ફિલ્મ અને ચારથી પાંચ ટૂંકી ફિલ્મો દેખાડવામાં આવશે. દર્શકો ઘેર બેઠાં ફિલ્મો જોઇ શકશે તથા પેનલ ચર્ચામાં ભાગ લઇ શકશે.